સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરાના સમાજ ઉપયોગી સેવારૂપી દીપમાં દાનરૂપી ઘી પુરી મદદરૂપ થવા વિનમ્ર અપીલથી પુસ્તિકામાં જાહેરાતનું દાન ગેલેક્ષી ૩૬, અનંત પ્રસુતી ગૃહ, ટેરા હટ્‌જ થેરાપી એન્ડ એક્યુપંકચર, શિવમ સિરામીક. આયુષી જ્વેલર્સ, ટર્ન વેલ. કલ્પતરૂ ઈન્ટરનેશનલ, અંજલ ડિઝાઈન સ્ટુડિયો, મિતલ એન્જીનિયરીંગ, સિદ્ધનાથ પેરાડાઈઝ એમ.કે. એસ્ટ્રોલોજી, પુનિત હાર્ડવેર એન્ડ પ્લાય, શિવમ કલાસીસ જે.ડી. ઈલેક્ટ્રોનીક, તેમજ દલપતભાઈ સોનગરા, નીતિનભાઈ નકુમ તથા રમણીકભાઈ પરમારના પરિવારની શુભેચ્છાઓનું અનુદાન પ્રાપ્ત થઈ હતી.

યુવા મેળા કાર્યક્રમમાં દાતાશ્રી અમેરિકા નિવાસી ડૉ. દિનેશ પરમાર તથા ભૂતપૂર્વ યુવામેળા લાભાર્થી યુગલ લંડન નિવાસી શ્રી પાર્થ તથા મિતલબેન મઘોડીયાનું ઓનલાઈન શુભેચ્છાઓ સહ પ્રોત્સાહક દાન મળ્યું હતું.

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરાના મંત્રી શ્રી લાલાભાઈ ખાંદળા દ્વારા સમગ્ર સતવારા સમાજની સુશિક્ષિત દીકરીઓ માટે માત્ર પિયર જ નહિ સાસરીમાં પણ વડીલોને પ્રગતિના પંથો ખુલ્લા રાખી દીકરીઓના ભણતર તથા કારકીર્દીને સાર્થક કરી તેમના પરિવાર સાથે સમાજના વિકાસની અપીલ કરવામાં આવી.

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા ટીમને દસ વર્ષથી યુવામેળાનું સફળ આયોજન કરી પરિણામ સ્વરૂપે, લાભાર્થી યુવક-યુવતી લગ્નગ્રંથીથી જોડાતા તેમના વાલીગણ વતી અઢળક આશીર્વાદ સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્ટેજ ઉપર યુવક-યુવતીના સ્વ પરિચય બાદ કાર્યક્રમના અંતિમ ચરણમાં બંને પક્ષની સહમતિ બાદ કમિટીનો સહકાર-મદદ દ્વારા રૂચિ પાત્રોની ગોષ્ટિ વ્યવસ્થા કરાઈ હતી.

પ્રમુખ શ્રી કિશોરભાઈ દલવાડી દ્વારા, કારોબારી દ્વારા સર્વ આમંત્રિત મહેમાનોની સમક્ષ આભાર વિધિ સમાપન કરાયું હતું.

યુવામેળા કાર્યક્રમના અંતમાં ટ્રસ્ટી, કારોબારી, સ્વયંસેવક, તથા મોઘેરા મહેમાનો સાથે સામુહિક ભોજનનો આનંદ માણવામાં આવ્યો.

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા દ્વારા તા. ૦૫-૦૧-૨૦૨૫ને રવિવારના રોજ સંધ્યાકાળે સ્નેહ મિલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ આમંત્રિત મહેમાનો સતવારા સમાજ વડોદરા ભુતપૂર્વ શ્રી નરોતમભાઈ ખાંદળા, આસીસ્ટંટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ શ્રી જયદીપભાઈ નકુમ તથા ભૂતપૂર્વ શ્રી ચંદુભાઈ મકવાણા તથા શ્રી ડૉ. વિમેશભાઈ નકુમના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

આમંત્રિત ખાસ મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું. મંચસ્થ મહેમાન આસીસ્ટંટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ શ્રી જયદીપભાઈ નકુમ સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તથા સ્પર્ધાત્મક તૈયારીનું મહત્વ સમજાવ્યું. તથા શ્રી ડૉ. વિમેશ નકુમ દ્વારા પ્રાસંગિક પ્રવચન દ્વારા સતવારા ઉત્કર્ષ મંડળ વડોદરા ટીમને તેમના સેવા -કાર્યોને સરાહીને હાર્દિક શુભ કામનાઓ આપી હતી.

''ૐ તતસત તું નારાયણ પ્રભુ'' કર્ણપ્રિય સુરમ્ય પ્રાર્થના સાથે સિદ્ધનાથ દાદાના જય ઘોષ સાથે કાર્યક્રમનો મંગળ શુભારંભ કરવામાં આવ્યો. આમંત્રિત મહેમાન સમક્ષ સ્વાગત ગીત સમુ ધમાકેદાર પર્ફોમેશ જીલ સોનગરા તથા પ્રાચી સોનગરા બંને નાનકડી દીકરીઓએ તેમની આગવી શૈલીમાં ''તેનું કાલા ચશ્મા જયદા'' નું સુંદર નૃત્યની રજુઆતથી માહોલ રંગીન થયું હતું.

ગત વર્ષ દરમિયાન વડોદરા સતવારા સમાજમાંથી ચિર વિદાય લીધેલ દિવ્ય આત્માને સમગ્ર સમાજ બે મિનીટના મૌન દ્વારા હાર્દિક શ્રદ્ધાંજલિ આપવામાં આવી. સમાજના દીકરા યશ કમલેશભાઈ કણજરીયા દ્વારા કોઈ પણ પૂર્વ તૈયારી વિના જ જુનું પ્રચલિત ફિલ્મી ગીત સંભળાવી માત્ર તેનીજ ગીતનો મર્મ સમજાવી પોતે પોકેટ મનીમાંથી દાન આપી દાનનું ભાવપૂર્ણ સંદેશ પાઠવ્યો હતો.

વડોદરા સતવારા સમાજના વિશ્વકર્મા પુત્ર કડિયાકામ તથા સલાટ કામના કારીગર મિત્રોની કર્તવ્ય નિષ્ઠા, અને સમાજ પ્રત્યેની ફરજ બજાવવાના ભાગરૂપે તેમની કલા-સેવા અને સાથ-સહકાર બદલ ટ્રસ્ટીગણશ્રીના આમંત્રણને માન આપી પધારેલ ખાસ મહેમાન શ્રી શૈલેષભાઈ પી. ચૌહાણ, શ્રી મહેશભાઈ કે. કણજરીયા, શ્રી ચંદુભાઈ કે. કણજરીયા, શ્રી અશોકભાઈ એલ. ચૌહાણ, શ્રી હિતેષભાઈ જી. ડાભી, શ્રી જસરાજભાઈ વી. ચૌહાણ, શ્રી નરેન્દ્રભાઈ જી. ચૌહાણ, શ્રી ગીરીશભાઈ જે. જાદવ, શ્રી ભાવેશ ડી. ડુમાણીયા, શ્રી મનોજભાઈ ડી. પરમાર, શ્રી નિલેશભાઈ એમ. જાદવ, શ્રી ભરતભાઈ બી. દલવાડી, શ્રી અશોકભાઈ ડી. પરમાર, શ્રી હસમુખભાઈ કે. પીપળીયા, શ્રી સંજયભાઈ કે. પીપળીયા, શ્રી જીતેશભાઈ જી. પરમાર, શ્રી અશોકભાઈ જી. ચાવડા, શ્રી મથુરભાઈ યુ. જાદવ, શ્રી અશોકભાઈ ચૌહાણ, શ્રી ભાઈલાલભાઈ વી. દલવાડી, શ્રી નિલેશભાઈ વી. ડાભી, શ્રી નીતિનભાઈ એમ. ચૌહાણ, શ્રી અલ્પેશભાઈ એ. ખાંદળા, શ્રી મયુરભાઈ વી. બોટાદરા, શ્રી અરવિંદભાઈ એમ. ચૌહાણ, શ્રી હિરેનભાઈ એસ. ચૌહાણ, શ્રી દિલીપભાઈ એમ. કણજરીયા, શ્રી પ્રવીણભાઈ જી. પરમાર, શ્રી પરેશભાઈ આર. લકુમ, શ્રી ચેતનભાઈ બી. ચૌહાણ, શ્રી કલ્પેશભાઈ જે. ચૌહાણ, શ્રી નરોતમભાઈ જે. જાંબુકીયા, શ્રી ત્રિભુવનભાઈ સી. ડાભી, શ્રી સંજયભાઈ એમ. વાઘેલા, શ્રી વિજયભાઈ એમ. વાઘેલા, શ્રી દિનેશભાઈ એ. જાદવ, શ્રી યોગેશભાઈ જે. ચૌહાણ, શ્રી મહેશભાઈ વી. બોટાદરા, શ્રી રાહુલભાઈ જી. વાઘેલા, શ્રી નરેશભાઈ એન. જાદવ, શ્રી વિજયભાઈ એન. મકવાણા, શ્રી સુરેશભાઈ એન. મકવાણા, શ્રી જીગ્નેશભાઈ એસ. જાદવ, શ્રી ધર્મેશભાઈ કે. ખાંદળા, શ્રી અરવિંદભાઈ જે. મોરી, શ્રી વિજયભાઈ જી. ગોહિલ, શ્રી કાર્તિકભાઈ એન. પરમાર, શ્રી પ્રદીપભાઈ એન. પરમાર, શ્રી રવિભાઈ એન. પરમાર, શ્રી વિપુલભાઈ વી. ડાભી, શ્રી સંજયભાઈ વી. ડાભી, શ્રી નીલેશભાઈ વી. ડાભી, શ્રી સુરેશભાઈ દલવાડી, શ્રી લક્ષ્મણભાઈ બી. દલવાડી, શ્રી જયપાલ સાંકળીયા, તથા અન્ય કારીગર મિત્રો હાજર રહ્યા હતા. આવા આપણા સતવારા સમાજ માટે ગૌરવ સમા સર્વ કારીગર મિત્રોનું મહેમાનો દ્વારા સાલ ઓઢાડી ને સન્માનીત કરવામાં આવ્યા હતા. સતવારા

સમાજ વડોદરાના આ યુવામેળા-ઈનામ વિતરણ-સ્નેહ મિલન એવા ત્રિવેણી કાર્યક્રમનું મીડિયા દ્વારા નોંધ લેવામાં આવી હતી.

પ્રમુખ શ્રી કિશોરભાઈ દલવાડી તથા મંત્રી શ્રી લાલાભાઈ ખાંદળા દ્વારા વડોદરાની નામાંકિત ન્યુઝ-મીડિયા ચેનલ સમક્ષ સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરાના સમાજ કલ્યાણના વિભિન્ન કાર્યોની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી.

સતવારા સમાજ વડોદરાની ૩૦૦૦થી વધુ વસ્તીમાંથી ગૌરવંતા વિશિષ્ટ પાંચ વ્યક્તિઓને ભિન્ન ક્ષેત્રમાં વિશિષ્ટ ઉપલબ્ધિ મેળવવા માટે સ્મૃતિ ભેટ આપી સમગ્ર સમાજ વડોદરા વતી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ભારતની સમગ્ર આઈ.ટી.આઈ. શ્રેષ્ઠ શિક્ષક તરીકે દિલ્હી ખાતે મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મૂર્મુ દ્વારા નેશનલ બેસ્ટ ટીચર-૨૦૨૪નો એવોર્ડ, સર્ટિફિકેટ, ભેટ રૂા. ૫૦,૦૦૦/- થી સન્માનીત કરવામાં આવેલ. તેમજ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ સાથે મુલાકાતનો અવસર પ્રદાન થયેલ હતો. આવા આપણા સતવારા સમાજ માટે ગૌરવ સમા શ્રી દર્શનાબેન જીગ્નેશભાઈ કડિયાને સ્મૃતિ ભેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સતવારા સમાજની માત્ર સાત વર્ષની દીકરી રાષ્ટ્રીય સ્તરે સ્કેટિંગ સ્પર્ધા કર્ણાટક ખાતે ગુજરાત માટે બોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સમાજને ગૌરવ અપાવવા બદલ શ્રી વૃષતી મોહિતભાઈ પરમારને સ્મૃતિ ભેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા ડિઝીટલ આઈટી ટીમના સક્રીય કાર્યકર્તા અયોધ્યામાં શ્રી રામ પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે સમાસ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે ૩૬૦૦ સ્કવેર ફીટની વિશાળ ૭૦૦ કિલો રંગોળીના ઉપયોગથી સાત દિવસ જહેમત દ્વારા શ્રીરામમંદિર તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીજી સાથે સંપૂર્ણ રામાયણના ૨૨ પ્રસંગો રંગોળીમાં દર્શાવવા માટે સહજ રંગોળી ગ્રુપને વર્લ્ડ ઓફ રેકોડર્સ (લંડન)માં સ્થાન તથા સર્ટિફિકેટ પ્રાપ્ત કરી સમાજને ગૌરવ અપાવવા બદલ શ્રી પ્રશાંતભાઈ રાઘવભાઈ કટેસીયાને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સતવારા સમાજનું ગૌરવ શ્રી સચિન નરશીહભાઈ નકુમ દ્વારા ગુજરાત સરકાર એકમ ગુજરાતમાં **Assistant store keeper, Foreman instructor, ITI, principal, class-2, ITI principal, class-1, Assistant Engineer-Gwssb- class-2, Junior Engineer-class-2, GSECL, Deputy Executive Engineer-class-2-Gandhinagar Municipal Corporation, Assistant controller -Legal Metrology and Consumer Affairs-class-2, Technical Boiler inspector class-2, Boiler divison, Ahmedabad** આમ કુલ નવ ઉચ્ચ સ્તરીય નોકરી બાદ હાલ **Assistant controller- Legal Metrology and consumer Affairs, Vadodara** માં ફરજ નિભાવે છે.

**Legal metrology and consumer affairs Food, civil supplies and consumer affairs department, Gandhinagar** ની પરીક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમાજને ગૌરવ અપાવવા બદલ શ્રી સચિન નરસિંહભાઈ નકુમને સ્મૃતિ ભેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

આપણા વડોદરા સતવારા સમાજ માટે ગૌરવ સમા શ્રી રાહુલભાઈ ખસીયાને તાજેતરમાં સી.એ.ની પરીક્ષા ઉત્તીર્ણ તથા તેમને સ્મૃતિ ભેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. (બહારગામ હોવાથી હાજર રહી શક્યા નહોતા)

વડોદરા સતવારા સમાજના તેજસ્વી તારલાઓને દાતાશ્રી હસ્તે શિલ્ડ આપવામાં આવ્યા. સમગ્ર વડોદરા સતવારા સમાજમાં ધોરણ-૧માં પ્રથમ ચૌહાણ કાવ્યા જયેશભાઈ, દ્વિતીય નકુમ વત્શ ચેતનભાઈ તથા તૃતીય સોનગરા હિરવા અલ્પેશકુમારને ડૉ. પિયુષભાઈ ખાણદરને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા. તેમજ ધોરણ-૨માં પ્રથમ દલવાડી જૈનિલ વિનોદભાઈ સાથે પરમાર ત્રિશા ચંદુભાઈ, દ્વિતીય પરમાર યશ્વી હસમુખભાઈ તથા તૃતીય જાંબુકીયા કુંજ કલ્પેશભાઈને શ્રી વસંતભાઈ કણજરીયાને હસ્તે શિલ્ડ આપી શુભ આશિષ આપવામાં આવ્યા ધોરણ-૩માં પ્રથમ માંડવીયા પ્રિયાંશી અશોકભાઈ, દ્વિતીય મકવાણા કાવ્યા યોગેશભાઈ તથા તૃતીય ડુમાણીયા ભવ્ય ભાવેશભાઈને શ્રી પ્રેમજીભાઈ મકવાણાને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા. તથા ધોરણ-૪માં પ્રથમ મકવાણા શગુન પ્રિયમભાઈ, દ્વિતીય ચૌહાણ નિશ્ચલ કિશોરભાઈ તથા તૃતીય રંઘાડિયા નક્ષ દિલીપભાઈને શ્રી ચંદુભાઈ મકવાણાના હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા ધોરણ-૫માં પ્રથમ સથવારા ધર્મ નિકેતનભાઈ, દ્વિતીય કણજરીયા સુજન ચેતનભઈ તથા તૃતીય ચૌહાણ મિલન મુકેશભાઈને શ્રી જગદીશભાઈ મકવાણાને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા તેમજ ધોરણ-૬માં પ્રથમ રાઠોડ પાર્થ જયસુખભાઈ, દ્વિતીય હડિયલ વૃંદા ગણેશભાઈ તથા

તૃતીય ચૌહાણ સાનવી બ્રિજકુમારને શ્રી કરશનભાઈ કણજરીયાને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા ધોરણ-૭મા પ્રથમ જાદવ નૈતિક સંદીપભાઈ, દ્વિતીય કણજરીયા કોમલ ચેતનભાઈ તથા તૃતીય વાઘેલા જય વિજયભાઈને શ્રી કનુભાઈ જાદવને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા તેમજ ધોરણ-૮માં પ્રથમ ખાંદલા માહી અતુલભાઈ, દ્વિતીય કડિયા ઝીલ કિરીટકુમાર તથા તૃતીય કડિયા એશા ગૌરાંગભાઈને મહિલા મંડળના ખજાનચી શ્રી કિંજલબેન કડિયાને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ધોરણ-૯મા પ્રથમ રાઠોડ પ્રિયાંશી જયસુખભાઈ, દ્વિતીય સાંકળીયા કૃતિ મનીષભાઈ તથા તૃતીય કણજરીયા શુભમ મહેશભાઈને મહિલા મંડળના ટ્રસ્ટી શ્રી પ્રિતીબેન હડિયલને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા તેમજ ધોરણ-૧૦માં પ્રથમ જાદવ નિધિ હિરેનકુમાર, દ્વિતીય શ્રીમાળી ધ્યાની અમિતભાઈ તથા તૃતીય કડિયા પ્રિયાંશી પ્રિતેશભાઈને ડૉ. વિમેશભાઈ નકુમને હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા. ધોરણ-૧૧માં પ્રથમ ચૌહાણ ઉત્તમ જશરાજભાઈ, દ્વિતીય ચૌહાણ વિધિ અશોકભાઈ તથા તૃતીય જાંબુકીયા દિપ્તિ નરોત્તમભાઈ તેમજ ધોરણ-૧૨ માં પ્રથમ ચૌહાણ મયુરી મહેન્દ્રભાઈ, દ્વિતીય નકુમ પૂર્વીતાબેન અશોકભાઈ તથા તૃતીય કણજરીયા પ્રિયા નરેન્દ્રભાઈ વિદ્યાર્થી મિત્રોને દાતાશ્રી તથા મહેમાનોના હસ્તે શિલ્ડ આપવામાં આવ્યા. વડોદરા સતવારા સમાજના અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ભેટ માટે વિશિષ્ટ દાન ભેટ દાતા શ્રી લાલજીભાઈ ચાવડાનુ સજોડે સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા ટ્રસ્ટી દ્વારા સાલ ઓઢાડીને સન્માનીત કરવામાં આવ્યા હતા.

સ્નેહ મિલન સમારંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમને દીપાવતા બાળકોને પ્રોત્સાહિત કરવા સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા ટ્રસ્ટી સભ્યો દ્વારા શુભ આરંભ સ્વરૂપે સૌથી પહેલું દાન-ભેટ આપી સ્નેહ મિલન સમારંભમાં સાંસ્કૃતિ કાર્યક્રમને દીપાવતા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમાજના તેજસ્વી તારલાઓ પ્રોત્સાહન ભેટ તથા સાંસ્કૃતિક કાર્યક્રમને દીપાવવા મહેમાનો દાતા એવા શ્રી ડૉ. વિમેશભાઈ નકુમ, શ્રી જીતેશભાઈ નકુમ, શ્રી દિપકભાઈ ડાભી, શ્રી ચંદુભાઈ મકવાણા, શ્રી દયાળજીભાઈ કણજરીયા, શ્રી જગદીશભાઈ મકવાણા, શ્રી પ્રેમજીભાઈ મકવાણા, શ્રી અશોકભાઈ મકવાણા, શ્રી જનકભાઈ ખાંદળા, શ્રી દિનેશભાઈ હડીયલ, શ્રી હિંમતભાઈ હડીયલ, શ્રી ભરતભાઈ કાત્રોડિયા, શ્રી સવજીભાઈ લકુમ, શ્રી ભરતભાઈ લકુમ, શ્રી મહેશભાઈ ચૌહાણ, શ્રી મહેશભાઈ દલવાડી,શ્રી મનહરભાઈ જાદવ, શ્રી પ્રકાશભાઈ ચૌહાણ, શ્રી પરેશભાઈ કણજરીયા, શ્રી જતીનભાઈ (સન્નીપાજી હોટલ) શ્રી કરશનભાઈ ટી. કણજરીયા, શ્રી કરશનભાઈ જાદવ, શ્રી નરેન્દ્રભાઈ ચાવડા, શ્રી વિરજીભાઈ ચાવડા, તથા શ્રી નરેશભાઈ ચાવડાએ દાનની સરિતા વહેવડાવી હતી.

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા દ્વારા આયોજીત સ્નેહ મિલન કાર્યક્રમ વિશિષ્ટ દાતા પરિવાર આપણા સતવારા સમાજ  વડોદરા માટે ગૌરવ સમા સર્વ દાતાશ્રીનુ સજોડે સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા ટ્રસ્ટી સભ્યો દ્વારા સાલ ઓઢાડીને સન્માનીત કરવામાં આવ્યા હતા.

આમંત્રિત સતવારા સમાજ સમક્ષ ભારે ઉત્સાહભેર માત્ર નવ વર્ષના જુડવા બાળકો વેદ પરમાર, વૃંદ પરમારે હુસ્ન તેરા તોબા પંજાબી ગીતના તાલે ઠુમકાથી માહોલ રંગીન બનાવી વાહ...વાહ...મેળવી.

સમાજના બાળકો દ્વારા ભાતીગળ પહેરવેશમાં મેરી ઝોપડી કે ભાગ ખુલ જાયેંગે રામ આયેંગે તો અંગના સજાવુંગા. ના તાલે સુંદર સાંસ્કૃતિક નૃત્ય ચૌહાણ માહિ, ચૌહાણ પ્રિયાંશી ચૌહાણ વિધિ , ચાવડા જેન્સી, ચૌહાણ ભાર્ગવી કણઝરીયા ધ્રુવ ગૃપ દ્વારા ભક્તિમય નૃત્યની રજૂઆતથી તાળીઓના ગડગડાટથી માહોલ ગુંજી ઉઠ્યું હતું.

સમાજની બે બાળા કાવ્યા તથા જીગ્નાશા જાંબુકીયા દ્વારા ખુબજ ઉત્સાહ ભેર મેને પાયલ હે છનકાઈ અબતો આઝાઓ હરજાઈ પ્રખ્યાત ગીતના તાલે મન મોહક લોક નૃત્યની કૃતિ રજુઆતથી પ્રેક્ષકોને ખુબ મોજ આવી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી કિશોરભાઈ દલવાડીએ પ્રસંગ અનુરૂપ પ્રવચન આપ્યું. તથા શ્રી ઉમેશભાઈ કણજારીયા દ્વારા સતવારા સમાજ વડોદરા ટ્રસ્ટના વાર્ષિક હિસાબોની રજૂઆત કરવામાં આવી.

ગત સ્નેહ મિલનનું મીઠાં સંસ્મરણથી પણ વધુ સુંદર એવી કૃતિ કુ. ધાર્મી ખાણધર દ્વારા ખુબજ ઉત્સાહ ભેર મુજકો ઈતના બતાદે કોઈ હૃદય સ્પર્શી ગીતના તાલે મન મોહક નૃત્યની રજુઆતથી પ્રેક્ષકોને ખુબ મોજ આવી હતી. કેવલ પ્રકાશભાઈ ચૌહાણ દ્વારા ખુબજ ઉત્સાહ ભેર વાગ્યો રે ઢોલ ગુજરાતી ગીતના તાલે મન મોહક લોક નૃત્યની કૃતી રજુઆતથી પ્રેક્ષકોને ખુબ મોજ આવી હતી.

સમાજ સમક્ષ મિત જયંતીભાઈ સોનગરા દ્વારા

મોબાઈલનું દૂષણથી આજની યુવાપેઢીનું સંસ્કારિત પતન થઈ રહ્યું છે. આપણાં વડવાઓની બહાદુરી -દાતારી-ખુમારીની માર્મિક વાતોનું વક્તવ્ય રજુ કરી સમાજને વધુ પડતો મોબાઈલનો ઉપયોગથી કુમળા બાળકો યુવાનોને બચાવો એવો શુભ સંદેશ અપાયો.

સમગ્ર સતવારા સમાજ વડોદરા બંધુઓ સામે સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ, વડોદરા દ્વારા આજના મંગલ દિને સમાજની નૂતન વાડી માટે નવી જમીન તપાસ, દાન, ખરીદી વગેરેની સ્વૈચ્છિક સેવા સમિતિની રચના કરી, વડોદરાના આગેવાનો-વડીલો એવા શ્રી કરશનભાઈ કણજરીયા, શ્રી પ્રેમજીભાઈ મકવાણા, શ્રી દિનેશભાઈ હડીયલ, શ્રી શ્યામજીભાઈ સોનગરા, શ્રી ચંદુભાઈ મકવાણા, શ્રી ભરતભાઈ કાત્રોડિયા, શ્રી જગદીશભાઈ મકવાણા, શ્રી રાજુભાઈ કણજરીયા, શ્રી ઘનશ્યામભાઈ ચાવડા, શ્રી નિતિનભાઈ પરમાર, શ્રી મહેશભાઈ ચૌહાણ, શ્રી મનજીભાઈ જાદવ, શ્રી બકુલભાઈ જાંબુકીયા, શ્રી અશોકભાઈ મકવાણા, શ્રી બીપીનભાઈ સોનગરા જેવા અનેક સમાજના શુભ ચિંતકો દ્વારા સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારવામાં આવી. વડોદરા સતવારા સમાજ બંધુ દ્વારા સંપૂર્ણ સહકારનો વિશ્વાસ આપી સતવારા સમાજની કલ્યાણ ભાવના દાખવી છે.

સમગ્ર કાર્યક્રમમાં સેવા ભાવનાથી શ્રી મનીશભાઈ કડિયા તથા શ્રી અમરીશભાઈ કડિયા, બંધુ દ્વારા વર્ષો વર્ષથી જે.ડી. સાઉન્ડની નિઃશુલ્ક સેવા બદલ કડિયા પરિવારનો સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા દ્વારા અંતરથી આભાર માન્યો હતો.

છેલ્લા પાંચ વર્ષથી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ ટ્રસ્ટી સાથે ડિજિટલ કામગીરીમાં ખભેખભો મિલાવી કાર્યક્રમનો ફોટો-વિડીયોની નિઃશુલ્ક સેવા આપનાર શ્રી ભરતભાઈ પરમારનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

ચાલુ કાર્યક્રમે સમાજના બે સહજ ધમાલિયા બાળકો ઓચિંતા મીઠી મજા સ્વરૂપે કોઈના હમશે જીતના પાયે, ચલો ચલો. રિધમના તાલે ઉત્સાહભેર મન મોહક નૃત્ય માણી પ્રેક્ષકોને ખુબ મોજ આવી હતી.

સમાજનો દીકરો દેવ મધુડીયા દ્વારા ''સ્વાસ્થ્ય ને સંભાળો'' એવી આજની યુવાપેઢી ટકોર કરતાં ભેળસેળયુકત બહારનું જંકફુડ, ચાઈનિસ, ફુડથી થતું સ્વાસ્થ્યને નુકશાન સમજાવી આવા ફુડનો ત્યાગ કરી સાત્વિક ભોજનથી જ બાળકો -યુવાનો-વડીલો નિરોગી રહેશે એવો શુભ સંદેશ અપાયો.

સતવારા સમાજ વડોદરા ઉપક્રમે છેલ્લાં બે વર્ષથી રસોઈ શો ડબ્બા પાર્ટી ગરબા ઉત્સવ તથા મહિલા ઉપયોગી ભિન્ન સેમિનાર કરી હંમેશાં કાર્યરત એવું સતવારા સમાજ મહિલા મંડળ દ્વારા સમાજને શુભેચ્છાઓ પાઠવી.

કાર્યક્રમનું દાન-સભ્ય ફી એકત્રિત કરવા શ્રી કુરજીભાઈ નકુમ, શ્રી અમૃતભાઈ સોનગરા. શ્રી મેહુલભાઈ કડીયા, શ્રી અશોકભાઈ નકુમ, તેમજ વડોદરા સમાજની વેબસાઈટમાં પરિવારના માહિતી એકત્રિત કરવા શ્રી ધવલભાઈ પરમર, શ્રી વિશાલભાઈ વાઘેલા, શ્રી ભાવેશભાઈ ચૌહાણની ડિજીટલ ટીમે સુંદર સેવા આપી હતી.

વડોદરા સમાજના દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન ભેટ વહેંચણી કાર્ય શ્રી કમલેશભાઈ કણજરીયા, શ્રી ભૌતિકભાઈ લકુમ અન્ય ટીમ દ્વારા સફળ કરાયું હતું.

આપણા જ્ઞાતિબંધુ સાથે લજ્જીત ભોજનની મોજ માણવા, રસોડા વિભાગની મુખ્ય સેવા આપણાં સમાજના રસોઈયા શ્રી પ્રકાશભાઈ નકુમ દ્વારા નિઃશુલ્ક રસોઈ બનાવી અનેરી સેવા આપી હતી. તેમને મદદ-સહકારમંત્રી શ્રી ભરતભાઈ લકુમ, ટ્રસ્ટી શ્રી ભરતભાઈ દલવાડી, શ્રી મહેશભાઈ ચૌહાણ, તથા સક્રિય કાર્યકર્તા શ્રી રમેશભાઈ કણજારીયા, શ્રી અજીતભાઈ પરમાર, શ્રી નિતિન પરમાર, શ્રી નિતિનભાઈ ચૌહાણ શ્રી વિશાલ કણજરીયા, શ્રી પ્રહલાદભાઈ ચંદુભાઈ ખાંદળા, શ્રી હરીભાઈ વાઘેલા, શ્રી હરીભાઈ વાઘેલા, શ્રી નારાયણભાઈ જાદવ, તેમજ સ્વયંસેવકો -કારોબારી તથા અન્ય કાર્યકરોના સાથ-સહકાર મળ્યો હતો.

અંતમાં ટ્રસ્ટી , કારોબારી, સ્વયંસેવક તથા મોંઘેરા મહેમાનો સાથે સામુહિક ભોજનનો આનંદ માણવામાં આવ્યો. અંતે સર્વ ભાઈઓ-બહેનો તથા બાળકોએ સાથે હળી-મળીને ગરબા-રાસ રમઝટની મજા માણવામાં આવી. વડીલોના માર્ગદર્શન તેમજ ઉદાર દાતાશ્રીઓના મળેલ દાન માટે અમો આપના ઋણી છીએ. આપના સહકાર બદલ સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા આપનો અને આપના પરિવારનો અંતરથી આભાર માનીએ છીએ.

**સંકલન :**

**મંત્રી શ્રી લાલાભાઈ એન. ખાંદળા**

**(સતવારા સમાજ ઉત્કર્શ મંડળ વડોદરા)**


સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ, વડોદરા



























# સથવારા જ્ઞાતિ વિશે આધારભૂત ઐતિહાસિક માહિતી

**(૧) સથવારા (સાર્થવાહ)** વર્તમાન સમયમાં આપણી જ્ઞાતિ સથવારા (સતવારા) તરીકે જાણીતી છે. સથવારા શબ્દનો સંસ્કૃત ભાષામાં સાર્થવાહ છે. આ સાર્થવાહ શબ્દનો અપભ્રંશ થઈ પ્રાકૃત ભાષા લોકબોલીમાં સથવારા (સતવારા) તરીકે જાણીતો છે. સાર્થવાહ શબ્દમાં સ્વયં તેની વ્યાખ્યા છે.

**સાર્થાત સથનાતે સરનોવ પાન્યાનત વદતિ સાર્થવાહ।**

અર્થ : ધન, શૌર્ય અને સાહસના સાધન દ્વારા સાર્થોની સાથે રહેનાર તેમજ તેમને લઈ જનાર આગેવાન તે સાર્થવાહ. સાર્થોધ્ધન વૃંદમ તેનો અર્થ : યાત્રા કરવાવાળા પથિકો, યાત્રાળુ, વેપારીઓ, લશ્કર-સંઘ-કાફલો-વણઝારમાં રહેનાર વ્યક્તિઓનો સમૂહ. વસ્તુત સાર્થ એટલે માલ-સામાન અથવા સહયુક્તધન સાધનોવાળા લોકો-વેપારીઓ તથા માલસામાન તથા ચીજવસ્તુઓ સાથે યાત્રાળુ, મુસાફરો, લશ્કર અને તેની સામગ્રી સાથે લઈ જવા-લાવવાની સંપૂર્ણ જવાબદારી લેનાર મુખ્ય આગેવાન શ્રેષ્ઠી (વેપારી) નો અર્થ સાર્થવાહ. (અમરકોષ-૩/૮/૭૮ સાર્થોવૃંદમ અમરકોષ ૩/૮/૪૨)

● **સંસ્કૃતમાં** સાર્થવાહ હિન્દીમાં સાર્થવાહ. પ્રાકૃત લોકભાષા સથવારો (સાથે જનારો-લઈ જનારો) સિન્ધીમાં સુરક્ષિત અંગ્રેજીમાં લીડર કહેવામાં આવે છે.

● **સાર્થવાહ** એટલે કોઈ એક બહાદુર હિંમતવાન તેના સાથીદારો (સંઘો) સાર્થોને દેશ-પરદેશ લઈ જવા લાવવાનું કામ કરનાર-પ્રાચીન વણઝારો વર્તમાન ટ્રાવેલ એજન્ટ

● **સાર્થો (સંઘો)** વેપારીઓ, યાત્રાળુઓ, લશ્કર, વણઝાર, કારવાં વગેરે સમૂહને સાર્થ (સંઘ) કહેવાય છે.

● **સાર્થવાહો** કેવળ વેપારીઓ ન હતા પણ ભારતીય સંસ્કૃતિ અને ધર્મના પ્રચારક હતા. જેનો ઉલ્લેખ (ઋગ્વેદ (૧) ૩૩/૩/૨૮/૭ (૨) અથર્વવેદ (૫/૧૫૭/૨૦/૧૨૮/૪) (મહાભારત ૨/૨૮/૪૬, ૨/૪૮/૧૨,૪/૭/૬, ૨/૪૮/૧૩, ૨/૧૬/૧૦, ૨/૨૮/૧૨)

● **સાર્થવાહં ચ સાર્થ યજ્ઞા યે યાત્ર કે યન ।**

**પુનઃસ્થ વિરબાલાશ્ચ સાર્થસ્ય ચ પુરોગમા : ॥**

અર્થ : સાર્થવાહ કેવળ સંઘોનો નેતા ન હતો, પણ તે યાત્રા દરમ્યાન મહાસાર્થ (સંઘો) નો પ્રભુ હતો. (મહાભારત વન પર્વ ૬૨/૧૭૭/૧૧૮)

● **સાર્થવાહ : પ્રવસનો મિત્રં ભાર્યા, મિત્રં ગૃહ સતઃ**

અર્થ : જે લોકો યાત્રા, વેપાર માટે બહાર જતા હતા તેમના માટે સાર્થવાહ તેમના મિત્ર હતા. જેવી રીતે ઘરમાં સ્ત્રી (ભાર્યા) હોય. મહાભારત વનપર્વ (૨૬૭/૪૫) માં યુધિષ્ઠિર કહે છે.

● વેપારી, યાત્રાળુઓ, લશ્કર, શિલ્પીઓની અલગ-અલગ સમૂહો-શ્રેણીઓને તેમના મહાભારત સાથે દેશ પરદેશ લઈ જવાનું કામ કરનાર સાર્થવાહકની અલગ-અલગ નામથી (સ્થપતિ, સંઘપતિ (શ્રેષ્ઠી), સેનાધ્યક્ષ સેનાપતિ તરીકે ઓળખાતો) (મહાવસ્તુ ભાગ-૩ પૃ. ૧૧૩,૪૪૨,૪૪૩)

● રામાયણમાં ભરત જ્યારે લશ્કર લઈને રામને ચિત્રકુટમાં મળવા જાય છે ત્યારે તેના લશ્કરની દેખભાળ કરવા લશ્કરને મદદ કરનારા લોકોની આગળ મુખ્ય સાર્થવાહ માર્ગદર્શક (દેશિક પ્રહરી) ચાલતો હતો. તેની સાથે ભૂમિપ્રદેશ-સૂત્રધાર સ્થપતિ, સડક કૂવા, આવાસો બનાવતા લોકો ચાલતા હતા. (રામાયણ ૨/૪૦/૧૩,૨/૬૧/૧-૩, ૨/૬૧/૫-૬, ૨/૬૧/૭-૧૧)

● બિન્બીસાર રાજાના સમયમાં બુદ્ધ ભગવાન વૈશાલીથી મગધ આવવાના હતા ત્યારે રાજગૃહીથી વૈશાલી સુધી પાંચ યોજન સુધી લાંબી ચોરસ નવી સડક બનાવી હતી. આ સડક બનાવનાર સાર્થવાહ અસંખ્ય મજૂરો, સડક બાંધનાર કારીગરોનો સમૂહ લઈને બાંધી હતી. (ધમ્મપદ અટ્ઠકથા ૩/૧૭૦)

● અનેક સાર્થો (વેપારી, કારીગરો, યાત્રાળુ વગેરેના જુદા-જુદા સમૂહો) ને દેશ-પરદેશ લઈ જનારા સાર્થવાહોનું રાજય દરબારમાં મહત્વનું સ્થાન રહેતું. તેના નગરોમાં મોટા-મોટા વૈભવી આવાસો, જમીન-માલ-મિલ્કત, જમીન-જાગીર-ખેતરો-નોકર-ચાકરો- રહેતા તે નગરમાં શ્રેષ્ઠી તરીકે પણ ઓળખાતા અને માન હતું. (જાતક કથા ૧/૧૨૧/૨૩૧)

● વેપારી-કારીગરો-શ્રેષ્ઠીઓ અને સાર્થવાહોનું સંગઠન આ બધાના આગેવાનોનું મહાજનમાં આગવું સ્થાન હતું. આ બધા મહાજનના આગેવાનોનું શ્રેષ્ઠી-ચૌધરી તરીકે ઓળખાતા હતા. તેમનું રાજ્યમાં માનપાન હતું. તેઓ સાર્થવાહો તેમના સમૂહોના પ્રતિનિધિઓ હતા. (જાતક કથા ૧/૧૨૧/૧૩૧)

(સાર્થવાહ : પ્રાચીન ભારત કી પથ પદ્ધતિ, લેખક : ડૉ. મોતીચંદ્ર, ડાયરેકટર : પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈ)

(૨) પંદરમી સદીમાં જાલોરના રાજકવિ પદ્મનાભે કાન્હડદેવ પ્રબંધમાં સથવારા (સાર્થવાહો) અલ્લાઉદ્દીન ખીલજીના લશ્કરમાં (ખાનપાન-રહેવા-જમવા વગેરે તથા દેખભાળ) જોડાયા હતા તેમનું વર્ણન છે.

(૩) કોઈપણ મકાન/મંદિર કે નગરનું નિર્માણ કરતાં પહેલાં ભૂમિપૂજન અને વાસ્તુપૂજન, તેમના મોભ-શિખર ચઢાવવાનું તથા પ્રવેશ સમયે વાસ્તુપૂજન કાર્ય શરૂ કરતાં પહેલાં તેમનું નિર્માણ કરનાર શિલ્પી આગેવાન જેને સાર્થવાહ કહેવાય છે. તેનું પણ પૂજમ કરવામાં આવે છે તથા દક્ષિણા આપવામાં આવે છે. (વાસ્તુશાસ્ત્ર શ્રીમાલ પુરાણ)

(૪)**સથવારા જ્ઞાતિ** : ગાયકવાડ સરકારની રાજયસત્તા દરમ્યાન સન ૧૯૨૫ માં થયેલી વડોદરા રાજ્યની વસતી ગણતરીમાં ''સથવારા'' જ્ઞાતિને ખેડૂતવર્ગની જાતિઓ, લેઉઆ કણબી, કડવા કણબી. આંજણા, ભાટીયા સાગર, કારડીયા, ઉદ્દા માલી, વગેરે જાતિઓ જેવીજ ગણવામાં આવી હતી. વડોદરા રાજયની સથવારા જ્ઞાતિની કુલ વસ્તી ૫૦૭૧ હતી. (વડોદરા રાજયની હકીકત પુસ્તક સન ૧૯૨૫)

(૫) **સથવારા જ્ઞાતિ સૂચક શબ્દ** : ભગવદ ગો મંડલ ગુજરાતી શબ્દકોષ પાન નં. ૮૪૭૮-કર્તા શ્રી ભગવદસિંહજી મહારાજા ગોંડલમાં સથવારા શબ્દનો અર્થ કિંમતી બાગયાતી ખેતી કરનાર તથા રાજપૂત ક્ષત્રિય માને છે.

(૬) ભગવાન પરશુરામે હૈહય સમ્રાટ સહસ્ત્રાર્જુન તથા તેના ક્ષત્રિયોનો એકવીસવાર નાશ કરી પૃથ્વી નક્ષત્રિય બનાવી હતી. પરશુરામના વિનાશમાં બચી ગયેલા ક્ષત્રિયો ક્ષત્રિ ધર્મ છોડી આનર્ત (હાલના પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત) મગધ, મથુરા અને અવંતીમાં વસ્તી વૈશ્ય ધર્મ સ્વીકારી ખેતી, વેપાર, પશુપાલન, કારીગરી, વગેરે વ્યવસાય સ્વીકારી રાજ્યતંત્ર છોડીને ગણતંત્રો સ્થાપ્યા હતા. (૧) આદિપર્વ-મહાભારત (૨) બોમ્બે ગેઝેટ સન ૧૮૮૦ (૪) (૩) સૌરાષ્ટ્ર સર્વ સંગ્રહ સન ૧૯૫૬ (પુસ્તક). ગુજરાતમા આ ક્ષત્રિયો સથવારા-કડિયા-દલવાડી વગેરે ઉ.પી. રાજસ્થાનમાં માલી, સૈની, કુશવાહ, મોર્ય વગેરે પંજાબમાં સૈની, માલી (રાજપૂત) ગૂર્જર વગેરે તરીકે ઓળખાય છે.

(૭) બારોટજી (વહીવંચા)ના ચોપડાના આધારે નવમી સદીથી તેરમી સદી સુધી (ઉત્તરપ્રદેશ-રાજસ્થાન, પંજાબમાં અલ્લાઉદ્દીન ખીલજી, મહંમદ ગઝની, કુતુબુદ્દીન, સહાબુદ્દીન ઘોરી) વગેરે મુસ્લિમ આક્રમણકારોએ મુસ્લિમ સત્તાની સ્થાપના કરતા ત્યાં રહેતી ઘણી પ્રજા આપણા સથવારા સમાજ ભિન્નમાલ, આબુથી ગુજરાતમાં રાજધાની પાટણમાં આવીને ત્યાંથી કચ્છ, સૌરાષ્ટ્ર, પંચમહાલ, મધ્ય ગુજરાત, ઉ. ગુજરાતમાં આવીને સ્થિર થઈ. આ વખતે ગુજરાતમાં સોલંકી રાજા મૂળરાજ, ભીમદેવ, સિદ્ધરાજ, કુમારપાળ વગેરેનું રાજ્ય હતું અને તેનો સુવર્ણકાળ ચાલતો હતો.

(૮) આપણા સથવારા (સાર્થવાહો) સમાજના લોકો બહાદુર, પરાક્રમી, ખેતી, પશુપાલન, શિલ્પ, આવાસ મંદિરોના બાંધકામના જાણકાર હોઈ તેમને રાજાઓએ બોલાવીને પોતાના નગરોમાં વસાવ્યા અને જાગીરો આપી. ભીમદેવ, તથા સિદ્ધરાજ જયસિંહના સમયમાં ગુજરાતમાં અનેક ભવ્ય સ્થાપત્યોનું નિર્માણ થયું. મોઢેરાનું સૂર્યમંદિર રૂદ્રમાળ, સહસ્ત્રલીંગ તળાવ, રાણીની વાવ વગેરે આ બધાનું નિર્માણ આપણા સાર્થવાહ (સથવારા) શિલ્પી કારીગરોએ કર્યું છે.

(૯) વિશળદેવ-વાઘેલાના સમયમાં વસ્તુપાલ-તેજપાલે આબુપર્વત ઉપર દેલવાડાના જૈન મંદિરો બંધાવ્યા હતા. આ કામ કરનાર આપણા સમાજના શિલ્પી કારીગરો હતા. તેમના ભવ્ય અને સુંદર કોતરકામ કર્યું હતું તેથી તેઓ દેલવાડી (સથવારા-કડીયા) કે દલવાડી તરીકે જાણીતા બન્યા. આપણા સમાજની દલવાડી અટક આથી પડી છે તેમજ આ શિલ્પ કામ કરનાર સાર્થવાહ (સથવારા) સૂત્રધાર-સલાટ, સોમપુરા, સલાટ-કડિયા-દલવાડી તરીકે ઓળખાય છે. (વાસ્તુશાસ્ત્ર-રાજ્યવલ્લભ)

(૧૦) તેરમી સદીમાં ગુજરાતના છેલ્લા રાજા કરણઘેલા મહામંત્રી માધવ મહેતાએ પોતાના અંગત વેરઝેરને કારણે દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીને પાટણ ઉપર ચઢાઈ કરવા તેના લશ્કર સાથે આવીને આક્રમણ કર્યું અને કરણઘેલી તથા પાટણ-મોઢેરા-સોમનાથ-ભરૂચ, ખંભાત, વડનગર જેવા મોટા નગરોને લૂંટી નાશ કરી લાખો લોકોની હત્યા કરી સમગ્ર ગુજરાતમાં વિનાશ ફેલાવ્યો અને મુસ્લિમ સત્તા સ્થાપી. ત્યારબાદ રાજસ્થાનમાં જાલોરના સોનગરા ચૌહાણ કાન્હડદેવ ઉપર ચડાઈ કરી તેનો પણ વિનાશ કર્યો. આથી બંને રાજયમાં રહેતી પ્રજા જીવ બચાવવા અન્ય સલામત સ્થળાંતર કરી ગઈ. આપણા સાર્થવાહો (સથવારા) સમાજ બહાદુર, પરાક્રમી, નગર, આવાસો. જળાશયો, બાંધકામ કરનાર, ખેતી જમીનના જાણકાર, વેપાર વાણિજય સ્થાપત્ય કલા જાણકાર હોઈ ગુજરાતના નાના-નાના રાજ્યો અસ્તિત્વમાં આવ્યા. તેમણે તેમના રાજ્યમાં સાર્થવાહોને બોલાવીને વસાવ્યા. આમ આપણો સમાજ કચ્છ-સૌરાષ્ટ્ર અને અન્ય સ્થળોએ ગુજરાતમાં

સ્થાયી થયો. ઈ.સ. ૧૫૩૫ માં જામ સાહેબે જામનગર વસાવ્યું ત્યારે આપણા સમાજના લોકોને તેમના રાજ્યમાં વસાવ્યા હતા. આ સમયે જામનગરના દિવાન મેરૂ સથવારા જામનગરનો દિવાન હતો.

(૧૧) ઈ.સ. ૯૪૨ (વિ.સં.૯૯૮) સોલંકી યુગમાં મૂળરાજ સોલંકીએ પોતાના મામાને મારી નાખીને રાજગાદીએ બેસવાનું પ્રાયશ્ચિત કરવા સરસ્વતી નદીના સિદ્ધપુરમાં રૂદ્ર મહાલય બાંધવા માટે શ્રીમાળ (રાજસ્થાન) ધી લક્ષ્મીધર શિલ્પી કડીયાને બોલાવી રૂદ્ર મહાલયનું નિર્માણ કરવાનું કાર્ય સોંપ્યું પણ તે કામ અધૂરું રહ્યું. સિદ્ધરાજ જયસિંહ સોલંકીએ (ઈ.સ.૧૧૫૦ થી ૧૧૯૯ સુધી) રૂદ્ર મહાલયના નિર્માણનું કાર્ય ફરીથી શરૂ કરાવ્યું. તેના નિર્માણ કામ કરવા શિલ્પી લક્ષ્મીધરના પૌત્ર ગંગાધર શિલ્પી કડીયાએ રૂદ્ર મહાલયના નિર્માણનું કાર્ય પૂર્ણ કર્યું. તે સિવાય સહસ્રલિંગ સરોવરનું તથા વડનગરનું તોરણનું નિર્માણ કામ પણ કર્યું. આથી સિદ્ધરાજ જયસિંહ શિલ્પી કારીગરોને (૧૧) ગામ જાગીરમાં આપ્યા હતા. (૧) નકુભી (ઝિંઝુવાડા પાસે હતું.) (૨) કડા-વિસનગરપાસે (૩) કણઝારી-અમદાવાદ પાસે) (૪) ધારપુર-પાટણ પાસે (૫) માલવણ-વિરમગામ પાસે) (૬) બોપલ-અમદાવાદ પાસે) (૭) માંડલ-વિરમગામ પાસ (૮) મોડાસા (૯) ચોપડા (૧૦) બુમતારા (૧૧) મધુડિયા વગેરે.

(૧૨) ઈ.સ. ૧૧૨૫ માં ગુજરાતની ગાદીએ ભીમદેવ ગાદીએ આવ્યો હતો. તેના સમયમાં મહંમદ ગઝનીએ સોમનાથ તથા પાટણને લૂંટયું હતું અને સોમનાથના મંદિરનો ધ્વંશ કર્યો હતો. તે સમયે તે પાટણ છોડીને કચ્છના કથકોટમાં જઈને વસ્યો હતો. તેમજ તેના સમયમાં ગુજરાતમાં ભયંકર દુકાળ પડયો હતો તેથી પાટણમાં વસતા ત્રણસો સથવારા સમાજના પરિવારો કુંભારડી ગામે જઈને વસ્યા હતા. ત્યાં તેમને ભાવેશ્વર મહાદેવ તથા શીતળામાતાનું મંદિર બધાવ્યું હતું. તેઓ પોતાને સથવારા (ક્ષત્રિય) ની શાખ અટક પટેલ અને ચાવડા ઓળખાવે છે. (જામખંભાળીયા ટુડે-તંત્રી, પી.ડી.નકુમ)

(૧૩) ભીમદેવના સમયમાં લક્ષ્મીધર શિલ્પીના કેટલાક વંશજોએ મેવાડમાં ચિતોડ (રાજસ્થાન) જઈને વસ્યા હતા. તેમની ત્રીજી પેઢીએ ખેતા નામે શિલ્પી કડીયા થયા. તેમને બે પુત્રો હતા. નાથ અને મંડન થયા. મંડન શિલ્પી (સાર્થવાહ) એ શિલ્પ-સ્થાપત્ય અને વાસ્તુશાસ્ત્રના રાજવલ્લભ, રૂપમંડન, વાસ્તુમંડન તથા આપ તત્વ નામના ગ્રંથોની રચના કરી હતી તથા તેમના ભાઈ નાથ એ વાસ્તુમંજરી નામનો વાસ્તુગ્રંથની વાસ્તુશાસ્ત્રના ગ્રંથના રચના કરી. તેમનું ગોત્ર ભારદ્વાજ હતું. તેમના ઈષ્ટદેવ મહાદેવ હતા. (રાજવલ્લભ-વાસ્તુશાસ્ત્ર)

(૧૪) પુરાણકાળમાં અર્બુદાચલ પ્રદેશમાં શ્રી લક્ષ્મી માતાજીએ શ્રી વિષ્ણુ ભગવાન આગળ એક ભવ્ય નગરીનું નિર્માણ કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી. શ્રી વિષ્ણુ ભગવાને શ્રી વિશ્વકર્મા ભગવાનને અર્બુદાચલમાં એક ભવ્ય અને સુંદર નગરીનું નિર્માણ કરવા વિનંતી કરી. શ્રી વિશ્વકર્મા ભગવાને સુંદર એક ભવ્ય નગરીનું નિર્માણ કર્યું, અને તેનું નામ શ્રી લક્ષ્મીજીના નામ ઉપરથી શ્રીમાળ આપ્યું હતું. આવી ભવ્ય સુંદર નગરીના નિર્માણ કાર્યથી પ્રસન્ન થઈને શ્રી વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજીએ શ્રી વિશ્વકર્મા ભગવાનને વરદાન આપ્યું કે કોઈપણ ભવન કે નગરનું નિર્માણ કરનાર વ્યક્તિ કે રાજા તમારી (વિશ્વમાં ભગવાન) (નગર/ભવન બનાવનાર શિલ્પી-કડીયાના) પૂજા-અર્ચના કરી દાન-દક્ષિણા આપીને પ્રસન્ન નહીં કરે તો તે ભવન કે નગરમાં સુખ-શાંતિથી નહીં રહી શકે. તેમજ શ્રી વિશ્વકર્માને સુવર્ણ કંકણ તથા સુવર્ણ માળાની ભેટ આપી. શ્રી વિષ્ણુ ભગવાન અને શ્રી લક્ષ્મીજીનું વરદાન આપણા સમાજની નગર રચના માટે વાસ્તુશાસ્ત્ર જ્ઞાન અને ઉપયોગની વિધ્વતા અને નિપુણતાનું પ્રમાણપત્ર છે. (શ્રીમાળ પુરાણ-વિશ્વકર્મા પુરાણ)

(૧૫) કવિ દલપતરામે લખેલ જ્ઞાતિનિબંધ પુસ્તકમાં કડીયા જ્ઞાતિનો ઉલ્લેખ છે. આજે પણ ગુજરાતના પ્રાચીન નગરોમાં કડીયાની પોળ, કડીયાનો વાસ, કડીયાનાકા, વગેરે લતા, ચોક કે મહોલ્લાના નામ હતા જ્યાં કડીયા-સથવારા રહે છે.

(૧૬) લીંબડી (સૌરાષ્ટ્ર)માં ચોરાપામાં લક્ષ્મીનારાયણનું મંદિર છે. કડિયાના મંદિર તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં કડિયા જ્ઞાતિની વસ્તી વધુ છે. (લીંબડી રાજ્યનો ઈતિહાસ, પ્રતરણ-૮, પાદટીપ-૨૨, લેખક ડૉ. મુગટલાલ વી. બાવસી)

(૧૭) વિશળદેવ વાઘેલા (બારમી સદી) માં ડભોઈમાં બાંધેલો ડભોઈનો કિલ્લો હિરાભાગોળ હિરા કડીયા નામનો શિલ્પીએ બાંધ્યો હતો. તેમજ ઝીંઝુવાડાના કિલ્લાનું નિર્માણ પણ તેણે કર્યું હતું.

(૧૮) **વૈશ્યધર્મ** (વર્ણ): વૈશ્ય વૃત્યાણિ જીવસ્તુ બ્રાહ્મણઃ ક્ષત્રિયોપિવા ॥ અર્થાત્ બ્રાહ્મણ અને ક્ષત્રિય વિપત્તિકાળમાં વૈશ્યવૃતિથી આજીવિકા કરી શકે છે. મનુસ્મૃતિ અધ્યાય-૧૦ શ્લોક ૮૩

વિદ્યા-શિલ્પં ભૃતિ સેવા ગૌ રક્ષા વિપિનં કૃષિઃ ।
ધૃતિ મેંક્ષ કુસી દં ય દશ જીવવ હેતેવઃ ॥

અર્થાત્ : વિદ્યા કારીગરી, નોકરી, વેપાર, ખેતી, પશુપાલન, ધીરધાર, સંતોષ, સેવા અને ભિક્ષા આ દશ દ્વારા આપત્તિકાળમાં જીવન નિર્વાહ બ્રાહ્મણ તથા ક્ષત્રિય કરી શકે છે. મનુસ્મૃતિ અધ્યાય-૧૦ શ્લોક-૧૧૬

**યથોત્કાન કૃષિ વાણિજયં યા સ્વયં કૃતે કુસીદં ય રાક્ષઃ ।**

અર્થાત્ - રાજા (ક્ષત્રિય) પ્રજાપાલનના વિશેષ કાર્ય સિવાય ખેતી, વેપાર, શિલ્પ કારીગરી કરી શકે છે. (ગૌતમસ્મૃતિ અધ્યાય ૧૦ બીજો ભાગ)

# સતવારા સમાજની વિશેષ માહિતી

**મૂળ :** આપણા દેશમાં ઘણી જ્ઞાતિઓ છે, પરંતુ સતવારા ફકત ગુજરાતમાં જ છે. દેશ અને દુનિયાના બધા સતવારા ગુજરાતના છે. રાજસ્થાનનો માલી સમાજ આપણા મોટાભાઈ સમાન છે. માલી દેશભરના લગભગ બધા રાજ્યોમાં છે. જુદા-જુદા રાજ્યોમાં માલી જુદા-જુદા નામોથી ઓળખાય છે. સતવારા અને માલીની એકતાના પ્રયત્નોની શરૂઆત થઈ ચૂકી છે. બંને સમાજોની એકતા અને સમર સત્તા વધારવાની જલ્દી અને ખાસ જરૂર છે. એ વાત નક્કી છે. સતવારા મૂળ આબુ વિસ્તાર (ભિન્નમાલ-શ્રીમાલ)માં રહેતા હતા. મધ્ય યુગમાં મુસ્લિમોના આક્રમણોના કારણે ભિન્નમાલ (શ્રીમાળી)નું પતન જતાં આપણા વડવાઓ તે વિસ્તાર છોડી પાટણ આવીને વસ્યા. સમય જતાં પાટણથી વિરમગામ અને ત્યાંથી ગુજરાતભરમાં ફેલાયા.

**નામ :** સતવારા જ્ઞાતિ-સથવારા, કડિયા અને દલવાડીથી ઓળખાય છે. (૧) સૌરાષ્ટ્રમાં તે દલવાડી અને સતવારા નામથી ઓળખાય છે. સતવારા શબ્દ વધુ પ્રચલિત છે. (૨) વઢિયાર-વિરમગામ વિસ્તારમાં દલવાડી શબ્દથી ઓળખાય છે. (૩) પાટણમાં મોટેભાગે સથવારા થી ઓળખાય છે. કડિયા શબ્દ પણ વપરાય છે. (૪) મહેસાણા જિલ્લામાં મોટેભાગે કડિયા શબ્દથી ઓળખાય છે. વધુ ભણેલા સથવારા શબ્દ વાપરે છે. (૫) અમદાવાદ (દરિયાપુર, કડિયાવાડ, લુણસાવાડ, નડીયાદ, સોજીત્રા, ખંભાતમાં) કડિયા શબ્દ વપરાય છે. (૬) વડોદરા અને સુરતના લોકો મિસ્ત્રી શબ્દથી ઓળખાય છે. (૭) કચ્છમાં સતવારા શબ્દ વપરાય છે. આ શબ્દ ગૌરવપ્રદ નહીં હોવાથી તથા ધંધા અને પ્રતિષ્ઠા માટે પહેલાં કરાચી અને અત્યારે મુંબઈના આપણા બિલ્ડરો પટેલ શબ્દથી પોતાને ઓળખાય છે. (૮) રાધનપુર, બગસરા, મોરબીના જ્ઞાતિબંધુઓ સતવારા થી ઓળખાય છે. (૯) દાહોદ, ગોધરા, લુણાવાડા, દેવગઢ, બારીયા, મોડાસા, વગેરેના લોકો કડિયા તરીકે ઓળખાય છે.

**અટક :** નામની જેમ અટકોમાં પણ પ્રદેશ અનુસાર પણ લકુમ લખાય છે. થોડો ફેર પડે છે. (૧) જામનગર જિલ્લામાં નકુમ અટક લખાય છે. તેમના મૂળ (કુળદેવી પ્રદેશ) સુરેન્દ્રનગર જિલ્લામાં લકુમ લખાય છે. સુરેન્દ્રનગર-ધંધુકા-બોટાદ વિસ્તારમાં કણઝરીયા લખાય છે જ્યારે જામનગર જીલ્લામાં કણઝારીયા લખાય છે અને મોરબીમાં કંઝારીયા અને કણઝારીયા લખે છે. (૩) જામનગર જિલ્લામાં ખાણધર (ખાણદર) અટક લખાય છે, તો સુરેન્દ્રનગર જિલ્લા, ધંધુકા, બોટાદ વિસ્તારમાં ખાંદલા (ખાંદળા) લખાય છે. (૪) મહેસાણા, પાટણ જિલ્લા, અમદાવાદ (દરિયાપુર, લુણસાવાડ, કડિયાનાકા) નડીયાદ, સોજીત્રા, ખંભાત, વડોદરા, સુરત, લુણાવાડા, દાહોદ, ગોધરા, દેવગઢબારીયા, મોડાસા વગેરે વિસ્તારોમાં અટક તરીકે કડિયા લખાય છે. આ વિસ્તારોમાં જ્ઞાતિવાચક શબ્દથી લોકો ઓળખાતા હોવાથી અટકનું ચલણ નથી. મોટાભાગના લોકો પોતાની અટક જાણતા નથી. થોડા વડીલો પોતાની અટક જાણતા હોય છે.

**એકતા :** આપણી જ્ઞાતિમાં પેટા જ્ઞાતિઓ નથી. આપણી જ્ઞાતિ એક અને અખંડ છે. પટેલમાં લેઉવા અને કડવા જૈનોમાં સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર કોળીમાં તળપદા અને ચુંવાળીયા, ભરવાડમાં મોટાભાઈ અને નાનાભાઈ, રજપૂતમાં કારડીયા અને નાડોદા અને બ્રાહ્મણોમા તો ૨૦૦૦ પેટા જ્ઞાતિઓ છે. ગરીબી અને વિશાળ વિસ્તારના કારણે જ્ઞાતિની એકતા અને સમર સત્તા થવામાં ઘણો વિલંબ થયો છે. પરંતુ મહામંડળના પ્રયત્નોથી જ્ઞાતિની એકતા અને સમર સત્તા ખૂબ વધી છે. લાગે છે નજીકના ભવિષ્યમાં કદાચ સતવારા અને માલી સમાજની એકતા પણ થાય.

**વ્યવસાય :** આપણી જ્ઞાતિના પરંપરાગત વ્યવસાયો ખેતી, કડીયાકામ અને શાકભાજીનો વેપાર છે.

**ખેતી :** માનવજાતિનો મૂળ ધંધો ખેતી છે. પહેલાં આપણા વડવાઓ ફકત ખેતી ઉપર નિર્ભર હતા આજે પણ આપણો મોટાભાગનો ગ્રામ્ય સમાજ ઉપરાંત શહેરી સમાજનો કેટલોક ભાગ ખેતી ઉપર નિર્ભર છે. સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લાઓ ઉપરાંત વઢીયાર, વિરમગામ. ધંધુકા, બરવાળા, રાણપુર, બોટાદ, વલ્લભીપુર વગેરે વિસ્તારોનો આપણો

સમાજ મોટેભાગે ખેતી ઉપર નિર્ભર છે.

જામનગર જિલ્લો મગફળી માટે, સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાઓ તથા અમદાવાદ જિલ્લો કપાસ માટે હળવદ, ધંધુકા અને વિરમગામ વિસ્તાર ઘઉં માટે વિખ્યાત છે. પાણીના તળ ઉંડા જતાં પાણીની અછત અને જમીનના ટૂકડાઓ થઈ જતાં ખેતી દુષ્કળ બની ગઈ હતી. પરંતુ નર્મદા નહેરના પાણી મળતા ખેતી ખૂબ સારી થઈ છે. અને ખેડૂતો ખૂભ સમૃદ્ધ થયા છે. ખેતીના વિકાસથી નોકરી-ધંધા-વેપારનો પણ વિકાસ થયો છે. તેમણે આ નાણાનો ઉપયોગ વેપાર-ધંધાના વિકાસ માટે પણ કર્યો છે. આમ આજે આપણે ખેતી અને જમીનના કારણે સુખી થયા છીએ. ખેતી આપણા લોહીમાં છે. ઉત્તમોત્તમ વાડીઓ (દળદાર વાડી) ના કારણે જ આપણે દલવાડી તરીકે પ્રસિદ્ધ છીએ.

**કડીયાકામ :** આપણો બીજો મુખ્ય ધંધો છે કડીયાકામ. પ્રાચીનકાળથી માંડી આજ સુધી આપણે આ ધંધામાં ખૂબ કુશળતા અને નામના મેળવી છે. પહેલા કરાચીમાં અને આજ મુંબઈમાં ખ્યાતનામ બિલ્ડરો છે. અમદાવાદ જામનગર, સુરેન્દ્રનગર, લીંબડી, વઢવાણ, ધાંગધ્રા, બોટાદ, બગસરા, કચ્છ, મોરબી, મહેસાણા પાટણ વડોદરા વગેરે વિસ્તારોના આપણા બિલ્ડરો ખૂબ વિખ્યાત છે. આજે સૌથી વધુ કડીયા અને કોન્ટ્રાકટરો આપણા છે. એકસંપ થઈ કંપનીઓ બનાવી આ ધંધામાં અસાધારણ પ્રગતિ સાધી શકાય તેમ છે. જંગી રોકાણના વર્તમાન યુગમાં આમ કરવું અનિવાર્ય બની ગયું છે.

**શાકભાજીનો વેપાર :** ખેતી સાથે શાકભાજીનો વેપાર આપણો મૂળ ધંધો છે. રાજસ્થાના માલી (આપણા મોટાભાઈ)નો મુખ્ય ધંધો પણ ખેતી અને શાકભાજીનો વેપાર છે. સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ અને અમદાવાદ જિલ્લાઓમાં શાકભાજીનો જથ્થાબંધ અને છૂટક વેપાર મોટાભાગે આપણા હાથમાં છે. ખંભાળીયામાં આ માટે મોટા જંગી કોલ્ડ સ્ટોરેજો છે. લીંબડી ધંધુકા, બોટાદ અને અમદાવાદમાં પણ આપણા મોટા કોલ્ડ સ્ટોરેજો છે.

**નોકરી અને વેપાર-ધંધા :** શિક્ષણના વિકાસ અને ધંધાની સ્વતંત્રતાના કારણે આપણી જ્ઞાતિ હવે નોકરી અને વેપાર-ધંધામાં ઘણી આગળ આવી છે. (૧) જામનગરમાં આપણા ૬૦૦ થી વધુ ઉદ્યોગપતિઓ છે. અહીં બ્રાસ પાર્ટનો ઉદ્યોગ ખૂબ વિકાસ પામ્યો છે. (૨) મોરબી ટાઈલ્સ ઉદ્યોગમાં વિશ્વ વિખ્યાત છે. આપણી જ્ઞાતિના ઘણા ઉદ્યોગપતિઓ આ ધંધામાં છે. (૩) થાનગઢ સેનેટરી ઉદ્યોગ માટે દેશ અને દુનિયામાં પ્રસિદ્ધ છે. આપણા ઘણા ઉદ્યોગપતિઓ આ ધંધામાં છે. (૪) બોટાદ, ધંધુકા, ભાવનગર, લીંબડી વગેરે ગામોમાં હીરા ઉદ્યોગ ખૂબ વિકસ્યો છે. આપણા ઘણા લોકો આ ધંધામાં છે. તેઓ આ ધંધામાં ખૂબ કમાયા છે. હીરા ઉદ્યોગની આવકના કારણ આપણી ખેતી તથા વેપાર-ઉદ્યોગ ખૂબ વિકસ્યા છે. (૫) ખંભાળિયા વેપાર-ધંધામાં આપણી જ્ઞાતિમાં સૌથી આગળ છે. વેપાર-ધંધાની પ્રગતિથી ત્યાંની ખેતી ખૂબ સમૃદ્ધ બની છે. (૬) ગાંધીધામ (કચ્છ) ના આપણા લોકો ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે ખૂબ આગળ છે. કંડલા પોર્ટના કારણે માલની ચડ-ઉતર અને હેર-ફેરના તેમને પુષ્કળ કામો મળી રહે છે.

**વસ્તી :** આપણી જ્ઞાતિના આશરે ૫૦૦ ગામો છે. (૧) ૮૦ ટકા વસ્તી સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લામાં છે. (૨) મહેસાણામાં અને પાટણ વિસ્તારમાં આપણા નાના-મોટા ૬૦ ગામો છે. દંઢાવ્ય પરગણુ ૩૩ ગામ, પાટણ વાડા-૨૨ ગામ, શહેર સમાજ-૧૧ ગામમાં આપણી વસ્તી છે. (એક ગામમાં એકથી વધુ ગોળના ગામો હોય છે.) આ દરેક ગોળના પોત-પોતાના રીત-રિવાજો અને લેતી-દેતીના નિયમો છે. આ નિયમોના કારણે વર્ષોથી સમાજ જીવન વ્યવસ્થિત છે. દરેક ગામના લોકોને પોતાના ગોળનું ગૌરવ છે. જો કે આ નિતિ-નિયમોમાં કોઈ ખાસ ગંભીર તફાવત નથી. તેથી બધા જ ગોળના જ્ઞાતિબંધુઓ એક જ્ઞાતિ તરીકે હળી-મળીને રહે છે. આગેવાનો પણ અવાર નવાર એકબીજા સાથે મળીને કાર્યક્રમો યોજે છે. એક ગોળના આગેવાનો બીજા ગોળના આગેવાનોને પોતાના કાર્યક્રમોમાં આમંત્રે છે. આમ જ્ઞાતિમાં એક પ્રકારની એકતા દેખાય છે. મહેસાણા અને પાટણ જિલ્લાઓમાં શિક્ષણનું પ્રમાણ વધુ હોવાથી ઘણા લોકોએ નોકરી ધંધામાં સારી પ્રગતિ સાધી છે. પાટણ વાડા અને શહેરી સમાજના આગેવાનોને એકબીજા સાથે વધુ સંબંધ છે. પાટણ અને મહેસાણા શહેરોમાં ત્રણ ગોળ ઉપરાંત તમામ સતવારા કડિયા સામૂહિક કાર્યક્રમો યોજાય છે. (૩) વઢીયાર વિસ્તારમાં ૧૨ ગામો છે. માંડલ અને ઝીંઝુવાડા મોટા ગામો કોન્ટ્રાકટરો પહેલા કરાંચીમાં અને આજે મુંબઈમાં વિખ્યાત છે. મોહનભાઈ પટેલ અને વસંતભાઈ પટેલ (પ્રમુખ) એ તેમના ભાગીદાર (પટેલ) સાથે મળી ચોટીલા ખાતે કરોડો રૂપિયાના ખર્ચે અદ્યતન અને વિશાળ ચામુંડા ધર્મશાળા બનાવી યાત્રીઓની ઉમદા સેવા કરી છે. (૫) આપણા કેટલાક ગામો આપણી વિશાળ વસ્તીથી દૂર એકલ ગામ જેવા છે. પાનધ્રો (કચ્છ), રાધનપુર, વિરમગામ, મોરબી, બગસરા, મોડાસા વગેરે આવા ગામો છે. તેઓ મોટેભાગે લગ્ન સંબંધો ગામમાં જ બાંધે છે. હવે બહાર જવાનું વધતું જાય છે.

**લેખક : રામજીભાઈ મકવાણા, લીંબડી, પૂર્વ મંત્રી, શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

રસીકભાઈ પી. દલવાડી
૯૯૯૮૦૪૨૮૭૯

ભાવેશભાઈ આર. દલવાડી
૯૪૦૮૮૧૯૦૭૮

# શિવ શક્તિ મંડપ

SHIV SHAKTI MANDAP

અમારે ત્યાંથી ડોમ મંડપ, મંડપ, ટ્રસ્ટ મંડપ
ચોરી, ગાદલા, ખૂરશી, ટેબલ, સોફા,
રજવાડી સોફા, મોટા રસોડાના વાસણો
લાઈટ ડેકોરેશન, જનરેટર
તથા મંડપનો બધોજ સામાન ભાડે મળશે.

## ડોમ મંડપના સ્પેશયાલીસ્ટ





## કથા મંડપના સ્પેશયાલીસ્ટ

માંડલ-દસાડા રોડ, પરીશ્રમ ફાર્મ, માંડલ

POSTED AT RMS SURENDRANAGAR 8th EVERY MONTH RNI-GUJ.GUJ/2001/5150
SATWARA DARPAN DATE OF PUBLICATION 8th EVERY MONTH **G/SEN./265/2024-2026**


LAVANYA
MULTISPECIALITY DENTAL CLINIC

# લાવણ્ય મલ્ટીસ્પેશ્યાલીટી

## ડેન્ટલ ક્લિનિક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. ચિરાગ વી. મકવાણા (M.D.S. Orthodontics) ડૉ. નિકીતા આર. કણઝારીયા (M.D.S. Orthodontics)
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ • સાંજે ૫:૦૦ થી ૮:૦૦ • (મો.) ૮૮૬૬૭૦૩૦૩૪, ૯૯૨૫૨૪૭૦૬૯
૪-૫, પહેલા માળે, સનરાઈઝ એવન્યુ, વેદાંત હોસ્પિટલની સામે, મેટ્રો પીલર નં. ૨૦૫ પાસે, નવરંગપુરા, અમદાવાદ.



સ્કેનરની મદદથી દાંતની ચકાસણી કરી આધુનિક પદ્ધતિથી વાંકાચુકા દાંતને બ્રેસીસ (વાયર) બાંધ્યા સિવાય દાંતને સીધા કરવાની સારવાર જ્ઞાતિબંધુ માટે રાહતદરે આધુનીક સારવાર આપવામાં આવશે.



**લાવણ્ય**
**મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક**

ઉપલબ્ધ સારવાર - TREATMENT AVAILABLE

- વાંકા-ચૂંકા તથા આગળ પડતા દાંતની સારવાર
  Orthodontic Metal, Ceramic braces & algineres
- દાંતમાં ચાંદી, સિમેન્ટ, દાંતની કેપ તથા દાંતના કલરના મટીરીયલ પુરવાની સારવાર
  Silver, Cement4 Crown & Bridge & Cosmetic Dentistry
- દાંત બચાવવા મૂળીયાની સારવાર
  Root Canal Treatment
- દાંતના ફિક્સ તથા નીકળી શકે તેવા ચોકઠા
  Fixed & Removable Denture
- દાંતની સફાઈ તથા દાંતને સફેદ કરવાની સારવાર
  Scaling & Bleaching
- ડાહપણની દાઢ કાઢવાની સારવાર
  Wisdom Tooth Removal
- પેઢાના રોગોની સારવાર
  Pyorrhea
- ઈમ્પ્લાન્ટ દ્વારા દાંત બેસાડવાની સારવાર
  Full Mouth rehabilitation
- બાળકોના દાંતના તમામ રોગોની સારવાર
  Pediatric Dentistry


## જાહેરાતના દર

| ક્રમ. | વિગત | ત્રિમાસિક | વાર્ષિક |
|---|---|---|---|
| (૧) | ૧/૪ પાનાની જાહેરાત | ૧૫૦૦ | ૩૦૦૦ |
| (૨) | અડધા પાનાની જાહેરાત | ૩૦૦૦ | ૬૦૦૦ |
| (૩) | આખા પાનાની જાહેરાત | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૪) | મુખ પૃષ્ઠની પાછળનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૫) | છેલ્લેથી અંદરનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૬) | છેલ્લે અડધું પાનું | ----- | ૧૫,૦૦૦ |

To, ................................................

................................................

................................................

................................................

**નકલ રવાના :**
રમણભાઈ સી. મકવાણા
૨, વાસુદેવ નગર, ગીરધરનગર, ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

પ્રકાશક : શ્રી સમસ્ત સતવારા મહામંડળ (રજી. નં. ઈ-૮૪૮૯ તા. ૩-૧૦-૯૧) વતી માનદ્ તંત્રી શ્રી કાંતીભાઈ આર. પરમારે પ્રસિધ્ધ કર્યું. મુદ્રક : ''પૂજા ગ્રાફિક એન્ડ પ્રિન્ટસ્'' - સુરેન્દ્રનગર. દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.